# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં મધ્યરાત્રી સુધીમાં 203 તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ - નવસારીમાં સાડા પાંચસો લોકોનું સ્થાળાતંર.**
2. **ભાવનગરના શેત્રુંજી ડેમના તમામ 59 દરવાજા ખોલાયા – જ્યારે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી કરી.**
3. **કંડલા બંદર પર કેમિકલ ભરેલા જહાજમાં વિસ્ફોટ થતાં લાગેલી આગમાં ફસાયેલા ચાલકદળના 21 સભ્યોને તટ રક્ષકની ટુકડીએ બચાવ્યા.**
4. **ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મુસ્લિમ બિરાદરોના માતમના તહેવાર મહોરમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન.**
5. **બર્મિંઘહામમાં ઇગ્લેંડ સામેની બીજી ટેસ્ટ મેચમાં ભારતનો 336 રને ઐતિહાસિક વિજય.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# STATE RAIN

રાજ્યના 203 તાલુકામાં ગઇકાલે વરસાદ નોંધાયો છે. ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાત્રિના 12 વાગ્યા સુધીમાં તાપીના ડોલવણ તાલુકામાં સૌથી વધુ 6.18 ઇંચ વરસાદ વરસ્યો હતો. ડાંગના સુબીર, સુરતના બારડોલી અને પલસાણા તાલુકામાં 5 ઇંચ જ્યારે ભાવનગરના વલભીપૂરમાં 4.09 ઇંચ વરસાદ નોંધાયો હતો. ભાવનગરનો શેત્રુંજી ડેમ બીજી વખત ઓવરફ્લો થતા પાલીતાણા તથા તળાજા તાલુકાના અસરગ્રસ્ત ગામડાઓને એલર્ટ કરાયા હતા. ગઈકાલે સાંજે 6 વાગ્યા સુધીમાં ડેમના 59 દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા હતા.

નવસારીમાં ઉપરવાસમાં ભારે વરસાદને પગલે પૂર્ણા નદી ભયજનક સપાટી થી ઉપર વહેતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સંભાવનાને પગલે 550 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. દરમ્યાન જિલ્લા કલેકટરએ વિવિધ આશ્રયસ્થાનની મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓ વિશે સ્થળાંતરિત થયેલા લોકો સાથે વાતચીત કરી હતી. ભારે વરસાદના પગલે વાંસદા પાસેથી પસાર થતી કરાવેલું નદીમાં પાણી સપાટી વધતાં હનુમાનબારી ગામ ખાતે આઠ ખેતમજૂરોને સુરક્ષિત રેસ્ક્યુ કરાયા હતા.

ગણદેવીની વેગણિયા નદી પણ બે કાંઠે વહી રહી છે. વાંસદા તાલુકાના જુજ અને કેલીયા ડેમ 70 ટકા થી વધુ ભરાતા નીચાણવાળા વિસ્તારમાં ન જવા લોકોને ચેતવણી અપાઈ છે.

સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદના કારણે પુરની સ્થિતિ સર્જાઈ છે. સુરત શહેરમાંથી પસાર થતી મીઠીખાડી નદી બંને કાંઠે વહેતી થઈ છે અને તેનું સ્તર પોણા 8 મીટર સુધી પહોંચ્યું છે.સરથાણા ઝોન સહિતના વિસ્તારમાં એલર્ટ જાહેર કરાયું છે.તાપી જિલ્લામાંથી પસાર થતી વાલ્મિકી , પુર્ણા, અંબિકા, મીંઢોળા સહિતની નદીઓ બે કાંઠે વહેતા નદીઓ પરના લો લેવલ પુલ પાણીમાં ગરકાવ થયા છે.દરમ્યાન સોનગઢના હીંદલા પાસેનો ચિમેર ધોધ જીવંત થતાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે.

અરવલ્લીના મોડાસા સાકરિયા અને માથાસુલિયા વિસ્તારમાં ધોધમાર વરસાદને પગલે ખેતરોમાં પાણી ભરાયા હતા.

# AHMEDABAD RAIN

અમદાવાદમાં છેલ્લા બે દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર શહેરના વટવા વોર્ડમાં છેલ્લા ચોવિસ કલાક દરમિયાન અઢી ઇંચ વરસાદ ખાબક્યો હતો . જ્યારે કોતરપુરમાં સવા બે ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારો ગોતામાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો..

---

# WEATHER

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે પણ વરસાદ યથાવત્ રહે તેવી શક્યતા દર્શાવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું કે , આજે નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ અપાયું છે. જ્યારે અમરેલી, ભાવનગર, સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

## બાઇટ- પ્રદિપ શર્મા ,હવામાન વૈજ્ઞાનિક

---

# KANU DESAI TAPI KHAT MUHRUT

રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઈએ ગઇકાલે વાપીમાં 48 કરોડથી વધુ રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું ખાતમુહૂર્ત કર્યું. આ સેન્ટરનું બાંધકામ આગામી 18 માસમાં પૂર્ણ કરાશે. જેમાં કુદરતી આપત્તિઓ અને ઔદ્યોગિક દુર્ઘટનાઓની સ્થિતિને પહોંચી વળવા માટે તમામ આધુનિક પ્રકારના સાધનો ઉપલબ્ધ કરાવાશે.આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, હાલમાં વાપીમાં અનેક વિકાસ કાર્યો ચાલી રહ્યા છે જેનાથી આગામી સમયમાં સુવિધાઓમાં વધારો થશે.

---

# KANDLA JAHAJMA BLAST

કંડલાના દિનદયાળ બંદરની જેટી નજીક કેમિકલ ખાલી કરી જઈ રહેલા જહાજમાં વિસ્ફોટ થતાં આગ દુર્ઘટના સર્જાઇ હતી. અમારા કચ્છના પ્રતિનીધી હેમાંગ પટણી જણાવે છે કે જહાજમાં વિસ્ફોટ થયા બાદ જહાજ એક તરફ નમી ગયું હતું. આ દુર્ઘટનામાં ચાલકદળના 21 સભ્યોને તટ રક્ષકની ટુકડીએ બચાવી લીધા હતા. હોંગકોંગના આ જહાજની દુર્ઘટના અંગે વધુ તપાસ હાથ ધરાશે.

---

# MOHARAM

સમગ્ર રાજ્યમાં ગઇકાલે મહોરમનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિકે તાજીયા જુલુસના રૂટ

ઉપર પેટ્રોલિંગ દરમિયાન પોલીસ બંદોબસ્તનુ અને તાજીયા ઠંડા કરવાના કુંડની વ્યવસ્થાનું નિરિક્ષણ કર્યું હતું. અમદાવાદ શહેર તાજીયા કમિટિ દ્વારા, સીદી સૈયદની જાળી વિજળી ઘર પાસે તાજીયા જુલુસ દરમિયાન પોલીસ કમિશનર જી.એસ. મલિકનું સન્માન કરવામાં આવ્યું. શહેરના મેયર, જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટીઓ તથા અન્ય રાજકીય અને સામાજિક આગેવાનો ઊપસ્થિતમાં આ સંમાન કાર્યક્રમ યોજાયો હતો..

જ્યારે બોટાદ શહેરમાં પણ પોલીસના ચુસ્ત બંદબસ્ત વચ્ચે આ જુલુસ સંપન્ન થયું હોવાનું બોટાદ શહેરના ડીવાયએસપી મહર્ષિ રાવલે કહ્યું હતું

**બાઇટ - મહર્ષિ રાવલ , ડીવાયએસપી , બોટાદ**

છોટાઉદેપુરમાં મોહરમ પર્વની ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી. મુસ્લિમ બિરાદરોએ હઝરત ઈમામ હુસૈન અને તેમના સાથીઓની શહાદતની યાદમાં તાજિયા જુલૂસનું આયોજન કર્યું. આ જુલૂસ શહેરના મુખ્ય માર્ગો પરથી નીકળ્યું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો

જોકે આણંદ  જિલ્લાના ઉચેરી ગામે તાજીયાના જુલુસ અગાઉની કતલની રાત્રી દરમિયાન તાજીયા જુલુસ નિમિત્તે તાજી     યા પસાર કરાવવા માટે વીજ વાયરને ઉચો કરવા જતા બે યુવાનોના મોત થયા હતા.

---

## AGARIYA CO OPERATIVE SOCIETY

અગરિયાઓને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના હેતુથી કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆત થઈ છે. ગુજરાત કો .ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના વાઇસ ચેરમેન અને કચ્છ સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલને આ સંસ્થાની જવાબદારી સોંપાઈ છે. ત્યારે અમિત શાહે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી

મંડળીનું નોંધણી પત્ર એનાયત કર્યું હતું. આ પ્રસંગે વલમજી હુંબલે અગરિયાઓના હિતમાં આ પગલુ લેવાયું હોવાનું જણાવ્યું હતું..

**બાઇટ: વલમજી હુંબલ- GCMMFના વાઇસ ચેરમેન**

---

## PORBANDAR JILLA AYOJAN BETHAK

પોરબંદર જિલ્લાના પ્રભારી અને જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજનના કામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રભારી મંત્રીએ બાકી રહેલા વિકાસ કામો ઝડપથી હાથ ધરવા માટે સૂચના આપી હતી. બેઠક દરમ્યાન પ્રગતિ હેઠળ અને પૂર્ણ થયેલ કામોની સમીક્ષા કરાઇ હતી.

---

## FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત 34મી જુનિયર બલરામ ક્ષત્રિય મેમોરિયલ ટ્રોફી 2025નો ગઇકાલેથી વડનગર ખાતેથી આરંભ થયો છે. ગઇકાલે રમાયેલ મેચમાં રાજકોટની ટીમે પંચમહાલ પર 8-0થી અને વલસાડે સુરેન્દ્રનગરને 12-1થી પરાજય આપ્યો હતો. આણંદની ટીમે બોટાદ પર 11-0થી એકતરફી વિજય મેળવ્યો હતો.જ્યારે ભરુચ અને ગાંધીનગર વચ્ચેની ચોથી મેચ ડ્રોમાં પરિણમી હતી.

આજે પંચમહાલ અને વડોદરા, સુરેન્દ્રનગર અને પોરબંદર વચ્ચે અને બોટા અને નવસારી વચ્ચે મેચ રમાશે.

રાજ્યની ભાગ લઇ રહેલી 23 ટીમોને આઠ જૂથમાં વહેચવામાં આવી છે. આગામી પંદરમી તારીખે ફાઇનલ મેચ રમાશે.

---

## INDIA ENGLAND TEST

એજબેસ્ટન, બર્મિંગહામ ખાતે ગઈ કાલે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ઇંગલેન્ડ સામે **336** રનથ ઐતિહાસિક વિજય મેળવ્યો છે. આ સાથે ભારતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી **1-1**થી સરભર કરી છે. એજબેસ્ટન ખાતે **58** વર્ષ બાદ ભારતનો આ પ્રથમ ટેસ્ટ વિજય છે.

પાંચમા દિવસે વરસાદને કારણે 100 મિનિટ મોડી શરૂ થયેલી મેચમાં ભારતનાં બોલરો બાકીના સાત વિકેટો લેવામાં સફળ રહ્યા હતા. આકાશદીપે બીજી ઇનિંગમાં છ અને પ્રથમ ઇનિંગમાં ચાર સહિત કુલ 10 વિકેટ લીધી હતી. તેઓ ઇંગલેન્ડમાં 10 વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બન્યા છે. અગાઉ 1986માં ચેતન શર્માએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. મોહમ્મદ સિરાઝે સાત વિકેટ લીધી હતી.

શુબમન ગિલે બંને ઇનિંગમાં કુલ 430 રન કરીને વિક્રમ સર્જ્યો હતો. ભારતે બીજી ઇનિંગ છ વિકેટે 427 રને ડિકલેર કરીને ઇંગલેન્ડને જીતવા 608 રનનો લક્ષ્ય આપ્યો હતો. જોકે, તે 271 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

ગિલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. હવે , 10મી જુલાઇએ લોર્ડ્સ ખાતે ત્રીજી ટેસ્ટ રમાશે.

---